श्री गणेशाम्बिकाभ्याम् नमः



श्री सावित्रीदेवताभ्यो नमः

વટસાવિત્રી વ્રતનું ગીત.

ખાસ સન્નારીઓના ઉપયોગાર્થે

છપાવનાર.

અ. સૌ. J. લક્ષ્મીશંકર રત્નેશ્વર શુકલ
ભરૂચ નિવાસી હાલ મુંબઇ.

મુંબઇ.

સંવત ૧૯૬૮ સને ૧૯૧૧

કીંમત ૧ આનો.

કાલબાદેવી રોડ ઉપર આવેલા કાલબાદેવી પ્રીન્ટીંગ પ્રેસમાં
નાનચંદ માણેકચંદ મહેતાએ માલેકને માટે છાપી

श्री गणेशाम्बिकाभ्यां नमः

श्री सरस्वत्यै नमः



शुक्लब्रह्मविचारसारपरमामाद्यां जगद्व्यापिनीम् ।
वीणापुस्तकधारिणीमभयदां जाड्यान्धकारापहाम् ॥
हस्ते स्फाटिकमालिकां विदधतीं पद्मासने सांस्थिताम् ।
वन्दे तां परमेश्वरीं भगवतीं बुद्धिप्रदां शारदाम् ॥ २ ॥

પ્રાસ્તાવિક બે બોલ.

વ્હાલી બહેનો!

તમારા કોમળ હસ્તમાં આ સાવિત્રી ગીતનું નાનકડું પુસ્તક મુકતાં મને અત્યંત હર્ષ થાય છે. જ્યારે જ્યારે સાવિત્રીના મહિમાનો વાર્ષિક પ્રસંગ આવે છે ત્યારે ત્યારે આપણી જ્ઞાતિની સૌભાગ્યવંતી બહેનો વટ્ પુજાને સાવિત્રી વ્રત કરે છે, ત્યારે સાવિત્રીનું ગીત ગવાય છે, લાંબો સમય થયાં આ ગીત ગાવાનો પ્રચાર ચાલ્યો આવે છે. પરંતુ અદ્યાપિ પર્યંત જે ગીત ગવાય છે તે ગીત જુની રૂઢીવાળું ને અશુદ્ધ સ્વરૂપે કહેવાય છે. એક પછી એક એમ ઉત્તરોત્તર શુદ્ધ સ્વરૂપ પણ અશુદ્ધપાણું પ્રાપ્ત કરે છે. કાળ ક્રમે ભાષામાં વર્ણોચ્ચારમાં ને કહેણીમાં ફેર પડતો જાય છે તેમાં પણ સ્ત્રી મુખે કહેવાનું હોવાથી ભાષા વિશેષ બગડે છે જેથી ઘણી બહેનો તરફથી આ ગીત સુધરેલી ઢબમાં છપાવવાનું મને વારંવાર સૂચન થતું. જેથી આ પ્રયાસ કરેલો છે. તો સર્વ બહેનો તેને સુધારીને વાંચશે એવી આશા છે.

દરેક સ્ત્રીને આ ગીત વાંચવા ને વિચારવા યોગ્ય છે. સતિ સાવિત્રીનું નામ જગ પ્રસિદ્ધ છે તેનો આત્મ સંયમ અવર્ણનીય છે તેનું ચારિત્ર પુર્ણ બોધદાયક ને હૃદય ભેદક છે તેવાં ઉંચાં ચારિત્રો આપણી આર્ય ભગિનીઓમાં ફેલાય તો એક દેશોન્નતિનું કર્તવ્ય કર્યું કહેવાય.

લી. પ્રસિદ્ધ કર્તા.

"શ્રી વટ્ સાવિત્રી વ્રતનું ગીત લિખ્યતે"

સનત્કુમાર ઋષિ શંકરને નમસ્કાર કરી પ્રશ્ન પૂછતા હતા હે દેવ! આ લોકમાં ધન ધાન્યાદિ પુત્ર પૌત્રને અખંડ સૌભાગ્યની વૃદ્ધિ કરવાવાળું એવું કયું વ્રત ઉત્તમ છે તેમને કહો.

સનતકુમારનો પ્રશ્ન સાંભળી શ્રીશંકર ભગવાન સનત કુમાર પ્રત્યે કહે છે તેમજ સતિ સાવિત્રી સખીઓ પ્રત્યે પ્રત્યે ગીત કહે છે.

તેજ ગીત શ્રી ઈષ્ટ દેવની તથા શ્રીગુરૂજીની કૃપાથી હું મારી અલ્પ બુદ્ધિથી પ્રાચીનની ચાલતી આવેલી ઢબમાં કહું છું તે આપ સુજ્ઞ બહેનો સુધારી સ્વીકારશો એવી આશા છે.

ગીત.

નમોરે હરીહર ત્રિભુવન રાય, ગાવું રે સાવિત્રી તણો મહીમાય,
પરમ ધર્મ કહીએ મદ્રરે દેશ, માહારાજા કહીએરે અશ્વપતિ નરેશ
તેનેરે ઘેર કહીએ પતિવ્રતા નાર, તેનેરે પેટ નહીંરે સંતાન.
પતિપત્ની બેઉ કરેરે વ્રત, કરેરે વ્રતને પાળેરે સત્ય.
પહેલુંને ફુલસ દુધડેરે નાહયું, માડીએ જીરૂંને સાકેર પાયું.
બીજુંને ફુલસ દુધડેરે નાહયું, સાસુએ ઘીયને સાકેર પાયું.

(ત્રીજું) અગનળું ફુલસ વડનુંરે નામ, નણંદે તે કડવી કાચ
લડીરે પાઇ.

કડવી કાચ લડીનો કેસોરે સ્વાદ, કડવી કાચલડીનો કડવોરે સ્વાદ.

હમોને તે સંતુષ્ઠ શ્રીકાશીવિશ્વનાથ, સત્યને પ્રતાપે દેવી
થયાંરે સંતુષ્ઠ.

પતિવ્રતા માલવી રાણીએ ધર્યો ગર્ભ.

ગર્ભના મહિના–રાગ પેહેલોજ.

છળ હળ પેહેલડોમાસજ ધરીઓ, ઇળેને વેળે દહાડો
ન ગમીઓ.

છળ હળ બીજલોમાસજ ધરીઓ, સહિયર આગળ
રમતા કહીએ.

છળ હળ (ત્રીજલો) અગનલોમાસજ ધરીઓ, માડીની
આગળ લાજમાં રહીએ.

છળ હળ ચોથલોમાસજ ધરીઓ, ગોરેલાં વાંન કંકુએ
પીંજણીઓ.

પાંચ મેરે માસે પંચમાસીરે બાંધી, દોહેલોરે છઠો ગર્ભનો માસ

સાતમેરે માસે સીમંતરે કીધાં, દોહેલોરે આઠમો ગર્ભનો માસ.

નવમાંરે માસની પહોંચીરે આશ.

વલણ.

પૂરેને માસે જન્મ થયારે,

અશ્વપતિ રાજા ઘેર એટડી જાઇરે,

અવનવાં રૂપ સાવિત્રી તણાંરે
(નામતે ધર્યાં સાવિત્રી તણાંરે)

સાવિત્રીના સ્વરૂપનું વર્ણન.

રાગ પહેલોજ

તળીઆંરે જેસાં કુમ કુમ ચોળ, પગડારે જેસાં પદ્મ ભરેલા
આંગળાંરે જેસાં મગની શીંગ, અંગુઠડારે જેસાં નાગની ફેંણુ
નખડારે જેસા મોતીની ચુર, ઘુંટીઓરે જેસી નાચલા રંગ.
નળડારે જેસા કેળના ગર્ભ, ઘુટણુરે જેસા કોપરા ફાડ
જાંગડીરે જેસી કેળના સ્તંભ, પેઢુંરે જેસું પોયણુ પાન.
પેટડુંરે જેસું પર સુદીના પીડ, નાભિઅરે જેસી આવલ ફુલ
કેડલીરે જેસી કેસરી લંક, હૈયડલેરે જેસાં હરજીનાં ધ્યાન
કંઠડેરે જેસો મોતીનો હાર, ખભલાંરે જેસાં સુરજ બિંબ
હાથડારે જેસા કરેણુાંનો કાંમ, કહોણીઓરે, જેસી અમી ભર્યા
કળશ
હાથેલીઓરે જેસી કમળ પુલ. પહોંચલારે જેસા દહીંના ફોડ
આંગળારે જેસા મગની સીંગ, અંગુડારે જેસા નાગની ફેંણુ
નખડારે જેસા મોતીની ચુર, મુખડુંરે જેસું પુનેમચંદ્ર
હડપચીરે જેસી ફોફળ ફાડ, અધુરડારે જેસા ખરાં પરવાળાં
જીભડીરે જેસી અમૃત વાણી, દાંતડારે જેસા દ.ડમ કળીઓ
અધુરડારે જેસા પ્રવાળીના પાસા. નાસિકારે જેસી તેલની ધાર
આંખડીરે જેસી આંબળા ફાડ, ભ્રકુટડીરે જેસી ભ્રમર ભરેલી

લીલા વટીરે જેસી આંગળા ચાર, ટીલડીરે જેસી તલપે લલાટે
સેંથલોરે જેસો મોતીની શેર, ચોટલોરે જેસો નાગની ફેંણુ
કેશલારે કસ્તુરીએ ભીંજવેલા, વેંણીઅરે વાઘેશ્વરી નાર
ગોફણોરે જેસો લટકતો જાય, પુઠડીરે જેસી પાંસલા ઢાળ
સોલાંરે સુના સાવિત્રીના વાંન, જડિત્ર હીંદોલા સાવિત્રીના કાન

વલણ

કોઇ વાધે માસે ને કોઇ વાધે છ માસેરે,
સાવિત્રી વીધે છે દીને દીને

રાગ પહેલોજ

પીલાંરે પહેર્યાં ને લીલારે ચરણાં,
સાવિત્રી તે હીંડે છે રમત રમતાં
રમત રમતાં સાવિત્રીરે આવ્યાં,
જઈને તે બાપજીને આસને બેઠાં
બાપે તે બેટી ઉછંગે બેસાડયાં.

અશ્વપતિ—તમે કયો વર વરશોરે રાયની કુંવરી રે
સાવિત્રી—વરરે વરૂરે જેસો આરો ને તારો
વરરે વરૂરે જેસો ધુમત્સેનનો બાળો.
પરમ પવિત્ર કહીએ શાલ્વ દેશ,
મહારાજા કહીએરે ધુમતસેન નરેશ
તેનેરે ઘેર સતી શૈલ્યારે નાર,
તેનેરે પેટ તે બાળ સંતાન

રાજને પાટતો લુંટીરે લીધાં,
અંધ રાજાને રાણી બેઉ વનમાંરે રહ્યાં
પતિ પત્ની બેઉ કરેરે વ્રત,
કરેરે વ્રત ને પાળેરે સત્ય.
સત્યને પ્રતાપેરે થયારે સત્યવાન,
બત્રીશ લક્ષણ ચતુર ગુણવાન.
ચિત્ર કળામાં છે કુશળ કુમાર

વલણ.

(બીજાતે ચિત્રાશ્વ નામ ધર્યાં રે) રાગ પહેલોજ
તમે તો જઇને તેહ વરનાં રૂપ નિહાળો, તમે તે જઇને તેહ
વરનાં લગ્ન નિર્ધારો.
એટલે ત્યાં અંત્રિક્ષથી નારદજી પધાર્યાં, અશ્વપતિએ અર્ઘ્ય
પાદ્ય પૂજ્યા મુનિરાય.

નારદ—નારદ કહે છે સુણોરે રાજન,
એહ પુત્રનું આયુષ્ય છેરે વર્ષ દિન.
માસજ કહીએરે જેષ્ઠ માસ,
પ્રતિપદાને રે દિને પડે એની કાય.
એમ કહીને રે નારદ થયા અંતર્ધાન,
જઇને તે આસને બેઠારે રાય.

વલણ.

દ્યુમત્સેન—(તપસ્વી તપ કરંતેલા હતારે,
રાય કહે આવ્યા શા કારણેરે)

રાગ પહેલોજ.

અશ્વપતિ—તપશ્વી તમારે તે સુપુત્ર સત્યવાન,
અમો પણ દઈશું રે કન્યાનું દાન,
દ્યુમત્સેન—એરે કન્યારે કોઈ મોટાને દીજે,
બેસાડેરે પાટ ઓરાઢેરે ઘાટ.
એરે કન્યારે કોઈ રાયને દીજે,
લડાવેરે લાડ ઘડાવે શણગાર.
હમારેરે વનફળ પ્રાચ્છવા એવ,
હમારેરે મૃગચર્મ ઓઢવા એવ.
હમારેરે ભુમિ શય્યા પોઢવા એવ,
બલણ—(હમારેરે વિશ્વંભર આરાધવારે)

દ્યુમત્સેનને અશ્વપતિ—રાગ પહેલોજ.

પાલટયાં સોપારીને હવાંરે કરીયાણાં,
બેઉરે સંબંધી મળી કર્યોરે વિવાહ.
પીલ્યારે ચોળાને પીલ્યારે જનોઈ,
બેઉરે સંબંધી મળી કર્યોરે વિવાહ.
થાનુંરે બૂડેને જો રાળે એહ,
સાવિત્રીનો વર્યો વર જો ચળે એહ.
ધ્રુવનોરે તારો જો ચળે એહ,
સાવિત્રીનો વર્યોવર જો ચળે એહ

અશ્વપતિ ઘેર.

આપેતે ગંગાવાસી જોશી તેડાવ્યા,
જન્મોત્રી તે જોઇને લગ્ન નિર્ધાર્યાં.

વલણ.

અશ્વપતિ—(નાડાની છડીરે, કંકુની પડીરે,
વર લઇ વહેલેરા પધારજો રે.)

રાગ પહેલોજ

પાદરે પાથર્યાંને દીધાંરે માન,
સંભારે પુરીને બેઠા બેઉ રાજંન.
માણેક દળીઆં ને મોતીડાં છડીઆં,

વલણ

(સાવિત્રી વિવાઓ કમાણીઆરે.)

મંગલ ફેરા.

રાગ પહેલોજ

પહેલેને મંગળે શાં શાં દાન દીધાં,
ધોતીને બેટી જમાઇને આપીઆં
બીજેને મંગળે શાં શાં દાન દીધાં,
ગાયને વાછરૂ જમાઇને આપીઆં
(ત્રીજે) અગનળે મંગળે શાં શાં દાન દીધાં
ભુમિનાં દાન જમાઇને આપીઆં
ચોથેને મંગળે શાં શાં દાન દીધાં,

ગરથ ભંડાર જમાઈને આપીઆં
પહેલેને આભ્રણે જગીઆરે જાગ,
બીજે સાવિત્રીના થયારે સૌભાગ્ય
(ત્રીજે) અગનળે આભ્રણે લીધાંરે વ્રત,
ચોથેને આભ્રણે લીધી અગ્નિ હોત્ર.
સાથે બેસાડેનેનિત્ય કર્મ એહ.
ગોરમટી લઇ હોમ શાળા પખાળે.

સાવિત્રીનો સાસરવાસો.

રાગ પહેલોજ

ચીર પટોલાંની ઘડીઓ સમારે
સાવિત્રી તે માબાપને વળામણું કરાવે.

રાગ વળામણાનો પહેલોજ

સાવિત્રી—પિતાજી તમો આજ રામ રાજા હોજોરે,
હમો પણ ચાલ્યાંરે સાસરે.રે
માતાજી તમો પુણ્ય પવિત્ર હોજોરે,
હમો પણ ચાલ્યાંરે સાસરેરે.

વલણ.

સાવિત્રી બાંધોની શણ ગાંઠરે
(બધી સૌભાગ્યવતી સ્ત્રીઓએ ગાંઠ બાંધવી)
સાવિત્રી મનમાં—આવ્યોરે જેષ્ઠ ને રૂઠેરો દિન.
માલવી—માડી મનેરે વટ ત્રાટે બેસાડો.

માલવી—બાળોરે ભોળીને અતિ રઢીઆળી,

તું કેમ હિંડે રૂપેણુ વનઝાડી

ચાર રૈયાણી ચાર ઉપવાસ કીજે,

ચાર રૈયાણી ધૃત દીવા બાળીજે.

ચાર રૈયાણી ભોમ શય્યા પોઢી જે,

ચાર રૈયાણી વટ પૂજન કીજે.

ધુમત્સેન શૈવ્યા રાણી પ્રત્યે કહે છે.

વલણ.

(ઉઠોની પુત્રવંતા ફળ લઇ આપોરે,

વહુને ત્રીજા ઉપવાસ થયારે)

રાગ પહેલાજ

આંબુરે જાંબુને કેળાં બીજોરાં,

સીફળ ફોફળને નાળીએર વનસોળા

વલણ

(વનફળે ભરેલા ૧૦૦ સોકંડીઆરે.)

સાવિત્રીને મનમાં ચિંતા—રાગ પહેલોજ.

નારદના વચન સતિરે સાંભરતાં,

પીયુની પુઠે પુઠે સાવિત્રીરે ફરતાં.

હાથમાં કુહાડોને બેવડીરે રાશ,

કાષ્ઠને કારણેરે સત્યવાન વનમાંરે જાય,

સાવિત્રી સત્યવાન પ્રત્યે કહે છે.

હસ્ત જોડી સાવિત્રી કહેછેરે વાત.

વનમાં સ્વામિજી મુજને તેડોરે સાથ.

સત્યવાન-સાવિત્રી-પ્રત્યે કહે છે.

સાંભળો શાણીરે એક મોરીરે વાત,
મારેરે મુસ્તકે છે માતને તાત.

સાવિત્રી સાસુ સસરાની આજ્ઞા લે છે
ને વનમાં જાય છે.

સાસુરે સસરાને પાયરે લાગી,
પિયુની સંગાતે વન જવાની આજ્ઞારે માગી.
હાથમાં પુજાપોને જળનીરે ઝારી,
પિયુની સંગાતેરે વનમાંરે ચાલી.

માઠા-શુકન—રેંટ ખટુકે ને મોર કીંગલાય,
એવેરે શબ્દે રૂપેણ વન જાય.

સાવિત્રી—વટરે પૂજીને વટફેરારે ફરીઆ,
વટનું તે પાન પેટેરે ખોશીયું.
વટનુંરે ગ્રીવા સૂત્ર કોટેરે પહેરીયું,
વટરે પૂજીને સતિ લાગ્યાંરે પાય.
વટરે સીંચીને વટ છાંયે બેશીયાં,
પાળેથી ઉતર્યારે કૈરવ કાળા.

યમ-દુત—બાવરી આંખ બિહમણાં ડોળા,
પાળેથી ઉતર્યા યમદુત કાળા.

સત્યવાન—સાંભળો ઘરૂણી એક મોરી વાત,

દુખે છે માથું ને ગળ્યાં ગળ્યાં ગાત્ર

સાવિત્રી—સાંભળો સ્વામીજી એક મોરીરે ગુચ્છ,

ગાય સો વાછરૂ અપાવીશ તુજ.

સત્યવાન—હમારેરે રાજેરે ન ઓઢયારે ઘાટ,

અમારેરે રાજરે ન બેઠાંરે પાટ

હમારેરે રાજેરે ન ભોગવ્યારે પુત્ર.

વલણ.

(એટલું કહેતાં જીભ પાછી ફરીરે,)

આંચકી આવી જીવ કાઢીઓરે.

જીવને યમ લઇ ચાલીઓરે,

રૂએ રૂએ બાળી ભોળી વનમાં એકલડીરે.

સાવિત્રી—મને કોઇ રડતાંને ધીર ધરોરે—

રાગ પહેલાનોજ.

શબરે લઇને સમડીને થડે બાંધ્યું,

પુઠડી પલાણી યમની ચાલીરે જાય.

યમ—જારે બાઇર હવે પાછીરે જાની,

રુણ સંબંધે તુંરે છુટાણી.

સાવિત્રી—પતિવ્રત પાળુંને સ્વામી સંઘે આવું,

સ્વામી વિનારે હુંતો પાછી ન જાઉ.

(યમ સાવિત્રીનો સંવાદ—)

ગોકુળીએ લઇ ચાલો એ રાગ.

યમ-મિથ્યા શ્રમ શું કરે, સતી તુજ પતિ ભક્તિ સાચી (૨)
હવે પુત્રી તું જા પાછી (૨)

सावित्र्युवाच—

प्राहु. साप्तपदं मैत्रं बुधास्तत्त्वार्थ दर्शिन:
मित्रतां च पुरस्कृत्य किंचिद्वक्ष्यामि तच्छृणु

સાવિત્રી—સુજન કેરા સાથમાં, મેં ડગ ભરીઆ સાત
મિત્રભાવે સુણજો હવે, દીન વનિતાની વાત.

सावित्र्युवाच—

नानात्मवंतो हि वने चरन्ति, धर्मं च वासं च परिश्रमं च।
विज्ञानतो धर्म मुदा हरन्ति तस्मात्संतो धर्म माहु: प्रधानम् ॥

સાવિત્રી—ધર્મ જે વેદ પુરાણે ભણીઓ,
મુખ્ય ધર્મ ગૃહસ્થાશ્રમ ગણીઓ.
કૃપાનાથ મમ પ્રાણનાથશું રહી વૃતિ રાચી. (૨)
જાવું મહારાજ કેમ પાછી (૨)

यम उवाच—

निवर्त तुष्टोस्मि तवानया गिरा, स्वराक्षरव्यंजनहेतुयुक्तया
वरं वृणीष्वेह विनास्य जीवितं ददानि ते सर्वमानिंदिते वरम् ॥

યમ—સુણી નમ્ર ભરી તુજ વાણી
થયો પ્રસન્ન અતિ મન શાણી.
સત્યવાનના જીવિત વિના કંઇ,

ઈચ્છિત વર યાચી ૨. ૯૨૦

सावित्र्युवाच—

च्युतः स्वराज्याद्वनवासमाश्रितो,
विनष्टचक्षुः श्वशुरो ममाश्रमे
सलब्धचक्षु र्बलवान् भवेन्नृप
स्तव प्रसादा ज्ज्वलनार्क संनिभः ॥

સાવિત્રી— ઉપજાતિ

મારો શ્વશુર જે ચક્ષુ વિનાનો
વિના સ્વરાજ્યે વનમાં વસે છે.
કાન્તિ રૂપીને બળથી ભરેલો,
તારી કૃપાથી નૃપ એ બનોને.

યમ—ભાગ્યવતી તું અતિ દૂર આવી,

सावित्र्युवाच—

कुतः श्रमो भर्तृ समीपतो हिमे
यतो हि भर्ता मम सा गति र्ध्रुवा
यतः पतिं नेष्यसि तत्रमे गतिः
सुरेश भूयश्च वचो निबोधमे ॥
सतां सकृत्संगत मीप्सितं परं
ततःपरं मित्र मिति प्रचक्षते

न चाफलं सत्पुरुषेण संगतं
ततःसतां संनिवसेत्समागमे ॥

થાય કોથી મિથ્યા ન ભાવી. મિથ્યા૦

સાવિત્રી—પતિ સમીપ શ્રમ નહીં જરી, જ્યાં જાએ મમનાથ,
તપ વ્રત આપ કૃપા વડે, ત્યાં આવું તમ સાથ
સંગત સજ્જન તણી નથી સોંઘી,
મૈત્રી સંત પુરૂષની મોંઘી.
કૃપાનાથ મમ પ્રાણનાથ.
શું રહી વૃતિ સાચી (૨) જાવું. મહારાજ

यम उवाच—

मनोनुंकूलं बुधबुद्धि वर्धनं,
त्वयेद मुक्तं वचनं हिताश्रयम्
विना पुनः सत्यवतोस्य जीवितं,
वरं द्वितीयं वरयस्व भाविनि ॥

યમ—ભાવ યુકત સંભાસણુ તારૂં,
બુધ્ધિ માં વૃધ્ધિ કરનારૂં.
સત્યવાનના જીવિત વિના,
કાંઇ ઇચ્છિત વરયાચી—હવે૦

सावित्र्युवाच

हृतं पुरामेश्वशुरस्य धीमतः

स्वमेव राज्यं लभतां स पार्थिवः
नच स्वधर्मं प्रजहातु मे गुरु
र्द्वितीय मेत द्वरयामितेवरम् ॥

સાવિત્રી— ઉપજાતિ

હરાએલી મારી શ્વશૂર સત્તા,
તેનેજ પોતે ઝટ મેળવોને.
પોતે પરંધર્મ નહીં તજોને,
હે દેવ બીજું વર આ મળોને.

यम उवाच—

स्वमेव राज्यं प्रति पत्स्यते चिरान्न च
स्वधर्मात्परि हास्यते नृपः
कृतेन कामेन मया नृपात्मजे
निवर्त गच्छस्वनते श्रमो भवेत् ॥

યમ—ઉત્તમ વર બે આપ્યાં ભાવે,
હજી પ્રમદા પુઠળ આવે,
બાપ તણે ઘેર પ્રભુ ગુણ ગાજે,
ભક્ત થકી ભવસાગર તરજે. મિથ્યા—

सावित्र्युवाच

प्रजा स्त्वयैता नियमेन संयता
नियम्य चैता नयसे निकामया

अतो यमत्वं तवदेव विश्रुतं

निबोध चेमां गिरमीरितां मया ॥

अद्रोहः सर्व भूतेषु कर्मणा मनसागिरा

अनुग्रहश्च दानं च सतां धर्मः सनातनः ॥

સાવિત્રી—સુપાત્ર જન કરતા કહી, સુપાત્રનું સન્માન.
સાધુ તો દુશ્મન તણું, પણ સાધે કલ્યાણ.
સંત પુરૂષોની સમાન દૃષ્ટિ,
દયા તણી વરસાવે વૃષ્ટિ.
કૃપાનાથ મમ પ્રાણનાથ,
શું રહી વૃતિ રાચી (૨) જાઉં—

यम उवाच—

पिपासि तस्येव भवेद्यथा पयस्तथा

त्वया वाक्यमिदं समीरितम्

विना पुनः सत्यवतोस्य जीवितं,

वरं वृणीष्वेह शुभे यदीच्छासि ॥

યમ—શીતળ વચન સુધારસ તારાં,
તૃષા તૃષાતુરની હરનારાં.
સત્યવાનના જીવિત વિના
કંઈ ઈચ્છિત વરયાચી. હુવે૦

सावि>युवाच—

ममानपत्यः पृथिवी पतिः पिता
भवेत्पतुः पुत्रशतं तथौरसं
कुलस्य संतानकरं च यद्भवे
तृतीयमेतं वरयामि तेवरम ॥

સાવિત્રી— ઉપજાતિ

મારા પિતા છેજ અપુત્રવાળા,
તેનેજ સો પુત્ર થજો રૂપાળા.
સંતાન વધીઁ બળ વીર્યવાળા,
માગેજ ત્રીજું વરતુજ બાળા.

યમ—તથાસ્તુ.

સાસરીઆંમાં માન વધાર્યું,
પીયરતણું પણ કામ સુધાર્યું મિથ્યા—

सावी>युवाच—

आतमन्यपि न विश्वास स्तावान्भवति सत्सुयः
तस्मात्सत्सु विशेषेण सर्वः प्रणय मिच्छति ॥

સાવિત્રી—પરદુઃખે દુખીઆ બને, દુઃખદ હૃદય વિશ્રામ
ભરોસો ભારે સંતનો, ઠરવાનું શુભ ઠામ.
સ્વજન માંહી વિશ્વાસ ન લાવે,
સજજન ઘર પુછતું સૌ આવે.

કૃપાનાથ મમ પ્રાણનાથ શું,
રહી વૃતિરાચી (૨) જાઉં

यम—

उदाहृतं ते वचनं यदंगने शुभेनतादृक त्वदृते मया श्रुतम्
अनेन तुष्टोऽस्मि विनास्य जीवितं वरं चतुर्थं वरयस्व गच्छच

યમ—સુંદર નવીન વચન સંભળાવ્યાં,
અતિશય તે મારે મન ભાવ્યાં.
સત્યવાનના જીવિત વિના
કંઈ ઇચ્છિત વર યાચી (૨) હુવે૦

सावित्र्युवाच—

ममात्मजं सत्यवतस्तथौरसं
भवेदु भाभ्यामिह यत्कुलो द्वहम्
शतं सुतानां बलवीर्य शालिनामिमं
चतुर्थं वरयामि तेवरम् ॥

સાવિત્રી— ઉપજાત

બ્રહ્મા ! અમો દંપતીના સુયોગે,
થજો સૌ પુત્રો અતિ રૂપાળા.
સંતાન વર્ધી બળ વીર્યવાળા.
માગેજ ચોથું વરતુજ બાળા.

यम उवाच—

शतं सुतानां बल वीर्यशालिनां
भविष्यति प्रीतिकरं तवाबले
परिश्रमस्ते न भवेन्नृपात्मजे
निवर्त दूरं हि पथस्त्व मागता ॥

યમ-તથાસ્તુ-ધરે ન થાવું અતિ વર લોભી
તજી પૂંઠ હવે જા અહીં થોભી   મિથ્યા૦

सावित्र्युवाव—

सतां सदा शाश्वत धर्म वृतिः
संतोन सीदंति नच व्यथंते
सतां सद्भिर्नाफलः संगमोस्ति
सद्भयो भयं नानु वर्तन्ति सन्तः ॥
आर्यजुष्टमिदं वृत्तमिति विज्ञाय शाश्वतम्
संतः परार्थं कुर्वाणा नावेक्षन्ते प्रतिक्रियाम् ॥

સાવિત્રી-સ્વધર્મ વહાલો સાધુને, જે નવ ચૂકે લગાર.
સાંપ્રત ભૂત ભવિષ્યની, ગતિ તણા આધાર
સજ્જન ફરે ન આશા આપી, બોલ્યું અબોલ્યું
ન કરે કદાપ.
કૃપાનાથ મમ પ્રાણ નાથ શું, રહી વૃતિ સાચી
(૨) જાઉં

यम उवाच—

यथा यथा भापासि धर्म संमितं
मनोनुकूलं सुपदं महार्थवत्
तथा तथा मे त्वयि भक्ति रुत्तमा
वरं णाष्व प्रतिमं पति व्रते ॥

યમ—અમૂલ્ય તારાં વચન વિચારી, વાધે તુજમાં ભકિત ભારી.
ભગવતી છેલ્લું ઉત્તમ, અનુપમ ઇચ્છિતવર
યાચી—(૨) હવે૦

સાવિત્રી—પતિની સંગે હું મહા સુખમાણું, પતિની સંગે
સ્વર્ગ નિહાળું મુજ પતિવિના મુજ દેહને ત્યાગું
કૃપાનાથ મમ પ્રાણ નાથ, શું રહ્યા વ્રતિરાચી (૨)
વળું માહારાજ હું પાછી (૨).

सावित्र्युवाच—

वरातिसर्गः शतपुत्रता मम
त्वयैव दत्तो ह्रियते चमे पतिः
वरं वृणे जीवतु सत्यवानयं
तवैव सत्यं वचनं भविष्यति ॥

સાવિત્રી—સો પુત્ર તણું મુજને દીધું, પ્રભુ આપે વરદાન.
જીવત દાન દઈ જીવનને સત્ય કરો ભગવાન
સાવિત્રી યમ સંવાદ સંપૂર્ણ.

રાગ પેહલોજ

ધર્મરાજા—લાવની બાઇરે તારૂં શ્રીવા સૂત્ર, લાવની બાઈરે
તારૂં વટનું રે પાન
કોટેથી આપ્યું રે શ્રીવારે સુત્ર, પેટેથી આપ્યું રે
વટનું રે પાન.

વલણ.

પડીએ બાંધી જીવ આપીઓરે.

રાગ પેહલોજ.

ધર્મરાજા— તમે પાછું ફરી ના જોશો સાવિત્રી રે નાર
ત્રણ પગથીઆં ઉતરી, પાછું ફરી જોયું,
જાણ્યું કે પુડડીએ યમદુત ચાલ્યારે આવે.
કરેણાંની કાંમ સટકાળીરે સોટી, અમીરસે
ભરેલી ત્યાં ઢોળીએ લોટી.

વલણ.

સત્વવાન—આળસ મરડી રાય બેઠા થયારે. અમને તે નિદ્રા
ઘણી આવેલીરે,
સાવિત્રી—એવી તે નિદ્રાએ કોઇના પોઢશોરે.

રાગ પહેલોજ.

(દ્યુમતસેન રાજા તથા તથા અશ્વપતિ રાજા ચિંતા કરે છે.)
બાપે તે ગંગાવાસી જોશી તેડાવ્યા, જન્મોત્રી
તે જોઈને જન્માક્ષર જોવડાવ્યા.

કહેરે મારાંરે વાઘ વરૂએરે, ખાધાં કહેરે મારારે
કાળી નાગેરે ડંસ્યાં,
કહેરે મારાંરે બપોરીએ ભક્ષીયાં,
કહેરે મારાંરે સંધ્યા કાળીએ છળીયાં

જોશી— નથીરે તારારે વાઘ વરૂએરે ખાધાં.
નથીરે તારાંરે કાળી નાગેરે ડંસ્યાં.
નથીરે તારાંરે બપોરીએ ભક્ષ્યાં—
નથીરે તારાંરે સંધ્યા કાળીએ છળીઆં—

(સાવિત્રી તથા સત્યવાન વનમાંથી જીવતદાન લઈને
પોતાને ઘેર આવ્યાં- -)

સાવિત્રી તથા સત્યવાન—
બેહોડી ઝાલીને બેઉ જણાં આવ્યાં,
સાવિત્રી તે સાસુ સસરાને પાયેરે લાગ્યાં.
સાવિત્રીએ બાપ ઘેર વધામણી મોકલાવી,
સાવિત્રીએ વીરાઘેર શેશ ભરાવી.
ધુમતસેન રાજા દિવ્ય ચક્ષુરે પામ્યાં,
સતિને પ્રતાપે ગયાં રાજરે આવ્યાં.
અશ્વપતિ રાજાને ઘેર થયાં સો સંતાનો.

વલણ

માળવી-—સાવિત્રી તમો પુણ્ય પવિત્ર હોયરે
બુડતાં કુળ તમે તારીઆંરે

રાગ પહેલો

કળશ લઇને ગંગા પાણીડાં રેજાય,
ચઢયારે ચાર બરૂવાનાં બોલ સંભારે.
એટલે તે હોમને થયાંરે અસુર,
દર્ભની ત્રિશલેખાં ગાયત્રીરે નાર.
હોમનાં કામ ચાલ્યાંરે તત્કાળ
સાવિત્રી--ઘણેરે પ્રયત્ને હું તો પામી ભરથાર,
તોએ માડી મારે શોકયનું શાલ.
શૈખ્યા—સાવિત્રી તમ પુણ્ય પવિત્ર હોયરે,
બુડતાં કુળ તમે તારીયાંરે.

સંપુર્ણ,

રામેનો વડ--રાગ બીજો-જુનો.

રામેતે એવો વડ રોપાઓરે
લક્ષ્મણે બાંધી છે પાળ શોભાગી.
વડ ગાઈશુંરે.
બાર જોજન વડ છાંયડીરે,
તેર જોજન વડ ત્રટ. કાશીનો વડ ગાઇશુંરે.
મુળે માહેશ્વર અવતર્યારે,
જટામાં જોગેશ્વર દેવ પનોતો વડ ગાઇશુંરે
ડાળે દામોદર અવતર્યારે
પાને પરશોત્તમ દેવ લાખીનો વડ ગાઈશુંરે

સત્ય વિજય છત્ર છાંયો ધરી રહયાંરે
સાવિત્રી બ્હેન પુજે વડ ત્રાટ
સોભાગી વડ ગાઈશુંરે.
સત્યવાન બેસે વડ છાંયડીરે,
સતિ સાવિત્રી પુજે વડ ત્રાટ પનોતો
વડ ગાઇશુંરે.

વડ સંપૂર્ણ.

શંકર કેહે છે કે સનત્કુમાર આ વ્રત સૌભાગ્યવતી સ્ત્રીઓએ અવશ્ય કરવુંજ વિધિ વિધાન પ્રમાણે વ્રત કરી કથા તથા સતિ સાવિત્રીએ સખીઓ પ્રત્યે કહેલું ગીત સાંભળી ચોથે દિવસે વ્રતનું પૂજન કરી નમસ્કાર કરી કહેવું કે હે દેવી બ્રહ્મા સાવિત્રીજેવું તમારૂં સત્ય છે તેવું અમોએ કરેલું વ્રત ફળીને જન્મો જન્મ અખંડ સૌભાગ્ય આપજો ને આ લોકમાં દંપતિ સુખ ભોગવી પતિ સહ વર્તમાન સ્વર્ગ સુખ પામું. એમ કહી નમસ્કાર કરવા અને યથાશકિત દંપત્ય ભોજન કરાવી યથાશકિત વસ્ત્ર દક્ષિણા આપી નમસ્કાર કરી પરણામ કરવા—

વટ સાવિત્રી વ્રત સંપૂર્ણ—

વટ સાવિત્રીનો ગરબો.

વટ સાવિત્રી વ્રત આજ પુરણ કરીએરે
લઇ કુમ કુમ અક્ષત હાથ ફળતો ધરીએરે

છે પવિત્ર વસ્ત્રો બેન આપણ અંગેરે
કરો પૂજન વટનું આજ સૈહીયર સંગેરે
વિધિ આ વ્રત તણી સાચવો તમો
તો તો મંગલ તમારૂં થાયજો
આયુષ્ય પ્યારા પતિનુંરે વધારશો.
શાસ્ત્ર વિષે સુંદરતા શી એની લખી
જેથી તમારૂં રૂડું થાયજો.—આયુષ્ય.
કંકણુ કર વિષે ચમકે તમારા
અંબોડા શિરપર શોભેછે સારા
એ સૌ રહેશે રૂપાળા. વ્રતની વિધિ સંભાળો
શણગાર સૌભાગ્ય સુંદરી સારો
નીતિને રીતી સર્વે સંભાળો
શિયલ સ્નેહે પાળો–વ્રતની વીધી સંભાળો.

સંપૂર્ણ.

ગરબી (૨) સદ્‌ગુણ વિષે.

હાંરે સખી સેવો પતિ ધરી ધ્યાન,
દુરગુણ દુરમતિ તજીને તમામ. ટેક.

સાખી.

સજની સીયલ પાલવું સંભાળી પતિ પ્રીત
નિરમળ નજરે નિહાળીને સાચવજે સુભ રીત.
હાંરે પીજે પ્રીત વચન પાણીતું,
સંપે રહી સુખ માણજે તું,

સાખી—સાસુ સસરાને ગણી માત પીતા સમાન,
સેવા ન ચુકીશ સ્વામીની એ આ ધર્મજ જાણ
હાંરે તેની આજ્ઞામાં રહીને સદાય કરજે
સદા તેના મન રળીયાત— હાંરે સખી
પ્રેમની પોથી વાંચજે સાચવજે સૌ ધર્મ.
સુખ દુઃખની સાથી થઇ વિચારજે મર્મ.
હાંરે લઇ સંસારનો સૌસાર
ઘરબારી થાજે તું સદગુણી નાર, હાંરે સખી.

સંપૂર્ણ.

ગરબી (૩) ત્રીજી.

સખી સ્નેહ સાથ સતિ પંથ પરવરોજોરે.
જેથી જગમાં હાં હાંરે જેથી જગમાં જસ
ગાથે ગવાયજો.
અહો હો સતિ પાસે મુનિ માન મુકશેજો.
ટેક,

સાખી—ભોગવતી સતિ જેનો સ્વામી હતો સર્પ,
નીજ બળે નર કર્યો દીસે કંદર્પ.
સતિ દ્રોપદીએ દુર્વાશાને નોહોતર્યો જોરે.
કસાં ભોજન હાંહાંરે કસાં ભોજન વિનાં કીધાં
તૃપ્તજો, અહોહો સતિપાસે.

સાખી-શુદ્ધ સતિ સાવિત્રી સત્યે ભરપુર.
પતિ પ્રાણ રાખી કર્યો યમ દુત દુર,
સતિ વૃંદાનું સત્ય જોતાં શ્રી હરીજોને.
થઈ પથ્થર હાંહાંરે થઇ પથ્થરપડયા મહિમાંયજો.
અહોહો સતિપાસે.

સાખી-એવી સતિઓના સત્ય નિહાળીને જો.
પંથે પરવરે એ સઉને પડી પાયજો
અહોહો સતિપાસે મુનિ માન મુકશે જો

ગરબી (૪) ચોથી

ઉગ્યો સખી સૃષ્ટિનો—એ રાગ.
શાણી સખી શીખોતો સંસારનો સાર
એક પ્રભુ પતિને પ્રણાંમીએ
પુજો સખો પતી તણાં પાય નાર
સ્નેહ ધરી પતિને પ્રણાંમીએ
અહો સખી પતીને પ્રમાંમીએ

સાખી.

ગંગા જમના નર્મદા આદીતીર્થ સ્નાન
પ્રેમદાને પતિ ચર્ણનું પુજાનું જલપાન
તન મન ધન અરપણ કરીને
સુંદરી સૌ સેવો પતિરે
સુધરે આ લોક પરલોક

પામો શુભ ગતિરે તન મન ધન અરપણ

સાખી.

પતિપરે નહિ પ્રેમ જ્યાં કોટી તીર્થ ફલ વ્યર્થ
કોટી તીર્થથી પણ પતિ ભકિત મહા સમર્થ
પ્રભુમાંને પતિમાં ફેર લગાર,
ભામનીઓ ભેદ ન જાણીએ
શાણી શખી શીખોતો સંસારના સાર
એક પ્રભુ પતિને પ્રણાંમીએ.

સપુર્ણ.

ગરબો (૫) પાંચમો

બેનો તમો ભાવ સહીત ભણજો—એ રાગ

કુશળ મારા કંથ તણું કરજોરે ટેક.
અંતર યામી અરજ ઉરે ધરજો
દીના નાથ દુઃખ બધા હરજો—કુશળ મારા.
કરી નથી પુજામાં પ્રીતિ
જાણું નહિ નીતિ તણી રીતી
ગયું વય એમ આ વીતી. કુશલ મારા
નથી ભાવ ભકિત હરી ચર્ણ
ચાલી નશી ચોપે સદા ચરણ
રહી હુંતો આપતણે શરણે—કુશલ મારા
કઠણ કાળ કેરી ગતી કહે છે

ધીરજ સર્વે જણી હરી લે છે.
આપ તણે આધારે સર્વે છે—કુશલ મારા
સંપુર્ણ.

ગરબો (૬) છઠ્ઠો

નલ રાજાનો

પુનેમ ચાંદની એ રાગ

આવ્યા દિવસ દુઃખે પુરા કર્યા રે
વેઠયા વીકટ વનમાં અપાર,
રાણી શાણા રે દમયંતી ફરતી વનમાં રે ટેક

સાખી

તનની કોમલ તાતજી તજ્યાસુકોમલ બાળ
પતિની સોબતમાં રહિ વેઠયા કષ્ઠ અપાર
વનમાં ભુખી તરસી રહી પતિની સાથરે
તો પણ કદિ ન કાલે ભુલે નળરાય–રાણી.

સાખી

નળને મન એવું વસ્યું રાણીને મહા દુઃખ
તેણે તજી ચાલ્યા જવું તો છે સઘળું. સુખ
કાલી રાત ભયાનક દીસેછે બીહામણી રે
ચોગમ તમરાં બોલે તનનન અવાજ રાણી.

સાખી

બોલે વન પશુઓ ઘણાં પાસે આવે ને જાય
સુતાં છે જ્યાં દંપતિ દમયંતી નળ રાય
થાકી સુતેલા ભુમિપર અબલા ઉંઘી ગઈરે
આવી નથીરે હજી નળરાજાને નીંદ—રાણી.

સાખી.

નહાશી જવાનું કરે નળ મનમાં વિચાર
સુતી છે વિશ્વાસથી પ્રાણ પતિની પાસ
રાજા મનમાં એમ વીચાર કરે છે નાસવારે
આવે દયા ઘણી વળી જાવાનું મન થાય.—રાણી.

સાખી.

પહેર્યું એકજ વસ્ત્ર છે નર નારીને અંગ
જાવું શી રીતે હવે થયો અતિ મન ભંગ
પાછી કળીએ ફેંકી એક છરી તેના ભણીરે
ફાડયું રાજાએ દમયંતિનું ચીર—રાણી૦

સાખી

મુકી વનમાં એકલી ભર નિંદ્રા મોજાર
નાશી જાવાને કરે નળ મનમાં વીચાર
ભોળી અબલાને મુકીને નાશી જતારે
ભયથી ફાટી મરશેરે કોમળ નાર શરીર—રાણી૦

સાખી

જાવાનું મન થાય છે વળી આલશી જાય.
જાવું કે જાવું નહી વિચાર મનમાં થાય
દીધી દોટ અતીશે નળરાજાએ જોરથીરે
થાકયો ત્યાં સુધીનળ આઘો ચાલ્યો જાય--રાણી.

સાખી

ઘાટાં જંગલને વટી વહી ગયો દુર નળ રાય
રાણી વનમાં એકલી રોઇ રોઇ અકલાય
સ્વપ્નુ આવ્યું છે રાણીને નળ નહાશી ગયોરે

સાખી

કળી આવીને લાગ્યો નળરાજાને પાય
સત્યવાદી તમો રાયજી મને કરો ક્ષમાય
ધન ધન જનુની દેવી તારી માતનેરે
દેવી સહાય તારા ગુણ ગાશે નરનાર-રાણી૦

સંપૂર્ણ

વટ સાવિત્રી વ્રત આજ ગુરણ કરીએરે એ રાગ.

ગરબી (૭)

જુગટું રમતાં નળ રાય આજે હાર્યોરે
પુષ્કરનો કળીને પક્ષ તે બહુ ફાવ્યોરે
વરતાવી પુરમાં હાંક પડો વગડાવ્યોરે

વન જાવા નળને સદ્ય હુકમ આપ્યોરે
સર્વે તજીને નળ નીકળ્યો વને
અંગે ધર્યું છે વસ્ત્ર એકજો
નૈશધનાથ આજ જાય છે વને
દમયંતી કાજ કળી કોપીઓ અતી
કોઇએ ન આપ્યું અન્ન પાણી જો
નૈશધનાથ આજ જાય છે વને—
નળ દમયંતીને વાત જણાવે
પળવાને પીયર પંથ કહાવે
સુણી દમયંતી આવેરે નળની પાસે આવે.
સતી આવી પતિની પાસ રડતી વીનવે છે
પતિ ચર્ણે નમાવી શીશ અરજી ઉચરે છે
સંગે સર્વ સમય રાખજો પતિ
કહું સુખ દુઃખે મીઠી વાતજો
નૈશધનાથ તજી ના જશો વને.
સ્વામી વીખુટી કદી નારી ન રહે
જળથી જુદી ના રહે મીનજો
નૈશધનાથ તજી ના જશો વને–
સુખ દુઃખમાં દીલની વાત ક્યાં જઇ કંથ કહું
જીવતી છું પતિ વીયોગ અળગી કેમ રહું
છાંયા હું નાથ તમ શરીરની બની

તારૂણી તરછોડો નહિ નાથ જો
નૈશધનાથ તજી ના જશો વને
એકલડી પતિ કેમ રહું હું,
દુનીયા દારીના દુઃખ કેમ સહું હું.
નાથ વીયોગે કેમ રહું હું,
થાઉં સુખ દુઃખની સાથીરે નળની પાસે આવે
સ્વામી સંગાથે રહું સર્વેદા સુખી
દુઃખના દિન્ન વિતી જાય જો.
નૈશધનાથ તજી ના જશો વને

સંપૂર્ણમસ્તુ.

સમાપ્ત

પુસ્તક મળવાનું ઠેકાણું-

ભરૂચ—શુકલ ભાલચંદ રામચંદ

ઠે. લાલભાઇની પોળ.

મુંબઇ—ઉપાધ્યાય લક્ષ્મીશંકર રત્નેશ્વર શુકલ.

કુંભાર ટુકડા માવજી રાઘવજીનો માળો—